**પ્રધાનમંત્રીએ ચોથા ભૂટાન નરેશ મહામહિમની 70મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો (11 નવેમ્બર, 2025)**

**11 નવેમ્બર, 2025**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે થિમ્પુના ચાંગલિમિથાંગ સ્ટેડિયમ ખાતે આયોજિત ચોથ ભૂટાન નરેશ મહામહિમ જિગ્મે સિંગ્યે વાંગચુકની 70મી જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમમાં ભૂટાન નરેશ, શાહી પરિવાર, સરકાર અને ભૂટાનના લોકો સાથે જોડાયા હતા.આ પ્રસંગે, ભૂટાનના મહામહિમ રાજાએ દિલ્હી વિસ્ફોટના પીડિતોની યાદમાં સામૂહિક પ્રાર્થનાનું નેતૃત્વ કર્યું.

2. પ્રધાનમંત્રીએ સભાને સંબોધિત કરી અને ભારતના લોકોની હાર્દિક શુભેચ્છાઓ મહામહિમ ચોથા રાજા અને ભૂટાનના લોકોને પાઠવી. તેમણે મહામહિમના પરિવર્તનકારી શાસન પર પ્રકાશ પાડ્યો, જેમાં ભૂટાન એક આધુનિક રાષ્ટ્ર તરીકે તેમજ એક સંવૈધાનિક લોકતાંત્રિક રાજાશાહી તરીકે ઉભરી આવ્યું. ચોથા રાજાના નેતૃત્વ હેઠળ, ભૂટાને સકલ રાષ્ટ્રીય સુખનો અનોખો ખ્યાલ રજૂ કર્યો હતો, જેમાં આર્થિક વિકાસને નિરંતરતા સાથે મિશ્રિત કરવામાં આવ્યો હતો.

3. પ્રધાનમંત્રીએ ભારત અને ભૂટાન વચ્ચેની વિશેષ મિત્રતામાં તેમના અમૂલ્ય યોગદાન બદલ ભૂટાનના મહામહિમ ચોથા રાજાનો આભાર માન્યો હતો. મહામહિમ, ચોથા રાજાએ દ્વિપક્ષીય સહયોગના તમામ ક્ષેત્રોમાં ભારત-ભૂટાન ભાગીદારીને વર્ષોથી વ્યક્તિગત રીતે કંડારી છે. પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી કે આ સંબંધને મહામહિમના માર્ગદર્શન અને સમજુ પરામર્શનો લાભ મળતો રહેશે.

4. પ્રધાનમંત્રીએ ચોથા ભૂટાન નરેશ મહામહિમના ભવ્ય વારસાને સફળતાપૂર્વક આગળ ધપાવવા બદલ મહામહિમ ભૂટાન નરેશના દૃષ્ટિકોણ અને દૃઢ પ્રયત્નોની પ્રશંસા કરી હતી. તેમણે મહામહિમના નેતૃત્વ હેઠળ ભૂટાનની નોંધપાત્ર પ્રગતિ તેમજ ભારત અને ભૂટાન વચ્ચેની સ્થાયી મિત્રતા અને ગાઢ ભાગીદારી પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઇ શકાય છે (લિંક)

**થિમ્પુ**

**11 નવેમ્બર, 2025**